### વિદ્યાર્થીઓ પર બેગનો બોજ યથાવત, 'ભાર વિનાનું ભણતર' માત્ર કાગળ પર?

# ગોધરામાં 'બેગલેસ ડે'નું ઉલ્લંઘન, સરકારી આદેશ છતાં વિદ્યાર્થીઓ બેગ સાથે જોવા મળ્યા

**સરકારનો** આદેશ વિદ્યાર્થીઓના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે ખૂબ જ મહત્વનો છે



(પ્રતિનિધિ) ગોધરા તા.5

ગુજરાત સરકારે રાજ્યભરની શાળાઓમાં દર શનિવારે 'બેગલેસ ડે' મનાવવાનો પરિપત્ર જાહેર કરીને વિદ્યાર્થીઓને 'ભાર વિનાના ભણતર'નો અનુભવ કરાવવાનો ઉમદા હેતુ રાખ્યો છે. જોકે, પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં આ નિયમનો સરેઆમ ભંગ થતો જોવા મળી રહ્યો છે. સરકારી આદેશ છતાં મોટાભાગની શાળાઓમાં શનિવારે પણ વિદ્યાર્થીઓ બેગ સાથે આવતા જોવા મળ્યા હતા, જે દર્શાવે છે કે આ મહત્વપૂર્ણ પહેલનું યોગ્ય પાલન થઈ રહ્યું નથી.

સરકારના પરિપત્ર મુજબ, 'બેગલેસ ડે' નો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ પરનો પુસ્તકોનો બોજ ઘટાડી તેમને રમત-ગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, કલા અને અન્ય રચનાત્મક પ્રવૃત્તિઓમાં જોડવાનો છે. આનાથી બાળકોનો સર્વાંગી વિકાસ થાય અને શિક્ષણ પ્રત્યે તેમનો રસ વધે તેવું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ, ગોધરાની શાળાઓમાં આ નિયમનો અમલ ન થતા સરકારના આદેશની ગંભીરતા પર પ્રશ્નાર્થ ઊભો થયો છે.

સવાલ એ પણ થાય છે કે શું શાળા સંચાલકો અને શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓને 'બેગલેસ ડે' અંગે યોગ્ય જાણકારી આપવામાં આવી છે? જો જાણકારી આપવામાં આવી હોય, તો પણ નિયમનો ભંગ કેમ થઈ રહ્યો છે? આ સ્થિતિ સ્પષ્ટપણે સૂચવે છે કે કાં તો જાણકારીનો અભાવ છે અથવા તો નિયમ પાલન પ્રત્યે ગંભીરતા નથી.

સરકારનો આદેશ વિદ્યાર્થીઓના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે ખૂબ જ મહત્વનો છે. ભારે બેગના કારણે બાળકોને કમર અને ખભાના દુખાવાની સમસ્યાઓનો સામનો કરવો પડે છે. 'બેગલેસ ડે' આ સમસ્યાને હળવી કરી શકે છે અને બાળકોને તણાવમુક્ત વાતાવરણમાં શીખવાની તક પૂરી પાડી શકે છે. ગોધરામાં આ નિયમનો ભંગ થવો એ ચિંતાજનક બાબત છે શિક્ષણ વિભાગે આ મામલે તપાસ હાથ ધરી, ગોધરાની શાળાઓમાં 'બેગલેસ ડે' નો કડક અમલ સુનિશ્ચિત કરવો જોઈએ, જેથી સરકારના 'ભાર વિનાના ભણતર' ના ઉદ્દેશ્યને સાચા અર્થમાં સિદ્ધ કરી શકાય.

### ગર્લ્સ લિટરસી રેસિડેન્સિયલ સ્કૂલ મંડોરની ૭ સ્ટુડન્ટ હજુ સારવાર હેઠળ

# લીમખેડા ફૂડ પોઈઝનિંગ કેસમાં 89 વિદ્યાર્થિનીને રજા અપાઈ

શાળાના ભોજનાલયમાંથી 18 ગેરકાયદેસર ગેસ બોટલ જપ્ત કર્યા



**રાજ્ય સરકારે એપિડેમિક ઓફિસર મોકલ્યા**

રાજ્ય સરકારે તાત્કાલિક રાજ્ય એપિડેમિક ઓફિસરને દાહોદ મોકલ્યા છે. તેમણે હોસ્પિટલોમાં વિદ્યાર્થિનીઓની સ્થિતિની સમીક્ષા કરી, શાળા-હોસ્ટેલની તપાસ કરી અને સૂચનાઓ આપી. ડો. કરિશ્માએ જણાવ્યું, "ઝડપી કાર્યવાહીથી ૮૯ વિદ્યાર્થિનીઓ સ્વસ્થ થઈ. બાકી ૭ની સ્થિતિ સ્થિર છે

(પ્રતિનિધિ) લીમખેડા, તા.5

લીમખેડા તાલુકાના પાલ્લી ગામે આવેલી ગર્લ્સ લિટરસી રેસિડેન્સિયલ સ્કૂલ (GLRS) મંડોર ખાતે 2 જુલાઈ, 2025ની રાત્રે ભોજન લીધા બાદ ફૂડ પોઈઝનિંગની ઘટનામાં 98 વિદ્યાર્થિનીઓની તબિયત લથડી. આ ઘટનાએ શાળા તંત્રની બેદરકારી અને આચાર્ય રીટાબેન જોશીની નિષ્ક્રિયતા ઉજાગર કરી, જેનાથી વાલીઓમાં રોષ ફેલાયો. આરોગ્ય વિભાગની ઝડપી કામગીરીથી 89 વિદ્યાર્થિનીઓને 5 જુલાઈએ હોસ્પિટલમાંથી રજા મળી, જ્યારે 9ની સારવાર ચાલે છે." મંડોરમાં 380 વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે. 2 જુલાઈની સાંજે ભોજન લીધા બાદ 98 વિદ્યાર્થિનીઓને ઉલટી, ઝાડા, પેટમાં દુખાવો અને મોઢામાંથી ફીણ આવવાની ફરિયાદ થઈ. 108 એમ્બ્યુલન્સ દ્વારા 14ને લીમખેડા સીએચસી, 14ને પીપલોદ, 62ને દુધિયા અને 8ને દાહોદની હોસ્પિટલમાં ખસેડાઈ. 48 કલાક બાદ 89 વિદ્યાર્થિનીઓ સ્વસ્થ થઈ છે.

### પંચાયતમાં સરપંચ અને તલાટી મહિલા હોવા છતાં સુવિધા નથી

# સિંગવડના મોટા આંબલીયા ગ્રામ પંચાયતમાં મહિલાઓ માટે અલાયદા શૌચાલયની માંગ

**પંચાયતમાં** આ સિવાય અન્ય કેટલાય લોકપ્રશ્નો છે જે વિશે વહીવટીતંત્રને અવારનવાર રજૂઆતો કરાઇ છે

(પ્રતિનિધિ) સિંગવડ, તા.5

સિંગવડ તાલુકાના મોટાં આંબલીયા ગ્રામપંચાયત ખાતે શૌચાલય નથી.મહિલા સરપંચશ્રી અને તલાટી પણ મહિલા હોવા છતાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ નથી જે આશ્ચર્ય પમાડે તેવી બાબત છે.વળી ગ્રામપંચાયતમાં ઘણા સમયથી લાઈટ નું મિટર પણ બંધ હાલતમાં છે. હાલમા ગ્રામ પંચાયતનું બધું કામ ઓનલાઈન થયી ગયેલ છૈ ત્યારે લાઈટ બીલ ન આવતું હોય તો પંચાયતનુ કામ કઈ રીતે કરવામાં આવે છે તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.ક્યાં તો લાઈટની ચોરી થાય છે અને MGV'CL આંખ આડા કાન કરવામાં આવે છે તેમ લાગી રહ્યું છે.

એજ સમજાતું નથી જ્યારે એમ.જી.વી.સી એલના અધિકારીઓ દ્વારા ગામડાના ખેડૂતનું લાઈટ બાકી હોય અગર ગેરકાનૂની લાઈટ મેળવવામા આવેલ હોય તો મસમોટો દંડ કરવામાં આવે છે વળી ગ્રામપંચાયતનુ આખું ધાબૂ લીકેજ થતુ હોય ધાબા ઉપર વરસાદી લીકવીડ લગાવવામાં આવે તો પાણી બંધ થયી શકે તેમ છે. વધુમા ગ્રામજનોને પૂછતાં એવું જાણવા મળેલ છે કે રેગ્યુલર ગ્રામસભા પણ યોજવામાં આવતી નથી.જલ સે નલ યોજનાનો ચાર્જ પાણી પુરવઠા વિભાગ પાસેથી મોટા આબલીયા ગ્રામપંચાયત દ્વારા લયી લેવામાં આવ્યો છે છતાં પણ ગામને દશેક દિવસથી પીવાનું પાણી મળતું નથી. હાલ સમગ્ર દેશમાં જ્યારે વિકાસ છેક શહેર થી માંડી ગામડાઓ સુધી પહોંચ્યો છે ત્યારે આ પંચાયતમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ છે તે કેટલુ વ્યાજબી ? તેવી લોકોમાં ચર્ચા છે.

### કલેક્ટર અજય દહિયાની અધ્યક્ષતામાં ચર્ચા-વિચારણા કરાઇ

# ગોધરા ખાતે જિલ્લા કલેક્ટર કચેરીએ માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ



(પ્રતિનિધિ) ગોધરા તા.5

પંચમહાલ જિલ્લા કલેક્ટર અજય દહિયાની અધ્યક્ષતામાં કલેકટર કચેરી, ગોધરાના સભાખંડ ખાતે જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટરએ સબંધિત વિભાગોને ટ્રાફિક વ્યવસ્થામાં સુધારા અંગે, ભયજનક વળાંક ધરાવતા રસ્તાઓ પર રિફ્લેક્ટર લગાવવા અંગે, બ્લેક સ્પોટની ઓળખ કરવા અને ભયજનક રીતે વાહન ચલાવનારા સામે કાર્યવાહી કરવા બાબતે તથા જાહેરમાર્ગ પર અનુસરવાના થતાં માપદંડો અને ટ્રાફિકના નિયમોથી લોકોને જાગૃત કરવા સહિતની બાબતો અંગે યોગ્ય કામગીરી કરી જિલ્લામાં માર્ગ સલામતીનો સંપૂર્ણ અમલ થાય અને નાગરિક સુરક્ષાના જરૂરી માપદંડોનું પાલન થાય તે સુનિશ્ચિત કરવા તમામ સબંધીત અધિકારીઓને સૂચનો આપવામાં આવ્યા છે.

### પંચમહાલ ખાણ ખનીજ વિભાગનો સપાટો : ખનન માફિયાઓમાં ફફડાટ

# કાલોલના બોરુ પાસે ગોમા નદીમાં રેતી ખનન કરતા 4 ટ્રેક્ટર ઝડપાયા

ચાર ટ્રેક્ટર સાથે રૂ.24 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો





(પ્રતિનિધિ) કાલોલ, તા.5

કાલોલ તાલુકામાં આવેલ બોરુ ગામમાંથી પસાર થતી ગોમા નદીમાં કેટલાક ખનીજ માફિયા ગેરકાયદેસર અને બિન અધિકૃત રીતે રેતીનું ખનન કરી રહ્યા છે એવી ચોક્કસ બાતમી પંચમહાલ જિલ્લાના ખાણ ખનીજ વિભાગના માઈન્સ સુપરવાઈઝરને મળી હતી. જે બાતમીના આધારે પંચમહાલ જિલ્લાની ખાણ ખનીજ વિભાગની ટીમ બોરુ ગામે ગેરકાયદેસર ખનન કરી રહેલા ચાર ટ્રેક્ટર સહિત 24 લાખનો મુદ્દામાલ કબજે કરી ચાર ઈસમોની અટકાયત કરી અને ટ્રેક્ટર ના માલિકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે પકડાયેલ મુદ્દામાલ ને ગોધરા કલેક્ટર કચેરી ખાતે સીઝ કરીને મૂકવામાં આવ્યો છે. જેના કારણે ખનીજ માફિયાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. ચોક્કસ બાતમીના આધારે પંચમહાલ જિલ્લાની ખાણ ખનીજ વિભાગની ટીમ બોરુ ગામે પસાર થતી ગોમા નદી પાસે પહોંચી હતી જ્યાં ગેરકાયદેસર રીતે રેતી નો ખનન કરી રહેલા ચાર ટ્રેક્ટર સહિત 24 લાખનો મુદ્દામાલ સાથે ચાર ઈસમોની અટકાયત કરી હતી.

# ઘોઘંબાના શેરપુરામાં ગોમા નદીમાંથી રેતી ખનન કરતું ટ્રેક્ટર ઝડપાયું

**ટ્રેક્ટર** સહિત 6 લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી



(પ્રતિનિધિ) ગોધરા, તા.5

પંચમહાલ જિલ્લા ખાણખનીજ વિભાગને ચોક્કસ બાતમી મળી હતી કે, ઘોઘંબા તાલુકાના શેરપુરા ગામમાંથી પસાર થતી ગોમાં નદીના પટમાં કેટલાક ઈસમો દ્વારા ગેરકાયદેસર રીતે રેતીનું ખનન કરવામાં આવી રહ્યું છે. આ માહિતીની ગંભીરતાને ધ્યાનમાં લઈને ખાન ખનીજ વિભાગના અધિકારીઓની એક ટીમે તાત્કાલિક ધોરણે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી.

જ્યારે ખાણ ખનીજ વિભાગની ટીમ શેરપુરા ગામ પાસે ગોમાં નદીના પટ પર પહોંચી, ત્યારે કેટલાક લોકો નદીમાંથી રેતી કાઢી રહ્યા હતા અને તેનું વહન કરી રહ્યા હતા. ટીમે તુરંત કાર્યવાહી કરીને આ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સંડોવાયેલા લોકોને ઝડપી પાડ્યા હતા.

ઘટના સ્થળેથી રેતી ખનન માટે ઉપયોગમાં લેવાયેલું એક ટ્રેક્ટર જપ્ત કરવામાં આવ્યું હતું, જેની કિંમત આશરે રૂપિયા 6 લાખ આંકવામાં આવી રહી છે. ખાણ ખનીજ વિભાગ દ્વારા જપ્ત કરાયેલા આ ટ્રેક્ટરને વધુ કાર્યવાહી માટે દામાવાવ પોલીસ સ્ટેશનમાં મુકવામાં આવ્યું છે. આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### હાલોલની સિદ્ધિ વિનાયક સોસાયટીનો બનાવ

# સોસાયટીનો લોખંડનો ગેટ તોડીને સાથે લઈ જનાર ચીફ ઓફિસર સામે ફરિયાદ

(પ્રતિનિધિ) કાલોલ, તા.5

હાલોલની સિદ્ધિ વિનાયક સોસાયટીના ૨૫ જેટલા રહીશોએ હાલોલ ટાઉન પોલીસ મથકે લેખીત અરજી આપી પોતાની ફરીયાદ નોંધાવી છે જેની મુખ્ય વિગતો જોતા સોસાયટી ફરતે કંપાઉન્ડ વોલ બનાવવામાં આવી હતી જે સલામતીની રીતે ખુબજ જરૂરી હતી ગત તા ૨૧/૦૬/૨૫ ના રોજ બપોરે ત્રણ વાગ્યે હાલોલ નગરપાલિકા ચીફ ઓફિસર જેસીબી મશીન સાથે સાતેક વ્યક્તિઓનો કાફલો લઈને મકાન નં ૪૮ થી ૫૭ અને ૬૭ થી ૭૭ ની ગલીમાં ઘસી આવ્યા હતા અને સોસાયટીના લોકો એ સ્વ ખર્ચે બનાવેલો લોખંડનો ગેટ તોડી નાખ્યો હતો અને પોતાની સાથે લઈ ગયા હતા. વધુમાં સોસાયટીની કમ્પાઉન્ડ વોલ જેસીબીથી તોડી નાખી હતી પૂછપરછ કરતા નગરના વિકાસમાં આ તોડવું જરૂરી છે અને ગટર યોજના માટે ગલીની દિવાલ તોડવી જરૂરી છે તેવું ચીફ ઓફિસરે જણાવ્યું હતુ. મકાન નં ૭૦,૭૧,૭૨ ની દિવાલ તોડી હતી તે બનાવી આપવાનો વિશ્વાસ આપ્યો હતો હાલ વરસાદી સિઝન હોવાથી કમ્પાઉન્ડ તોડી નાખવાના કારણે સોસાયટીમાં વરસાદી પાણી ભરાઈ ગયા છે. જે પાણીમાં ઝેરી જનાવારો તણાઈને રહીશોના ઘર સુધી આવી ગયા છે. અને સોસાયટીના રહીશોની સલામતી નો મોટો પ્રશ્ન ઉપસ્થિત થયો છે. વધુમાં કંપાઉન્ડવોલ તોડી નાખ્યા બાદ સ્થાનિક રહીશ ના મકાનમાં ચોરીનો પણ બનાવ બન્યો છે. આ સોસાયટીની કમ્પાઉન્ડ વોલ તોડવા માટે આ અગાઉ અતુલ ઉર્ફે અજય શાહ દ્વારા પ્રયત્ન કરવામાં આવ્યા હતા. જેથી આ વ્યક્તિએ નગરપાલિકાનો સહારો મેળવી કમ્પાઉન્ડ તોડી હોવાનો આક્ષેપ કરી સિદ્ધિ વિનાયક સોસાયટીના રહીશોએ હાલોલ પોલીસ મથકે ફરિયાદ આપી ચીફ ઓફિસર સામે કાયદેસર કાર્યવાહી હાથ કરવા માંગ કરી છે જેની નકલ ઉચ્ચ કક્ષાએ મોકલી આપવામાં આવી છે.

# મોરવા હડફના સુલીયાત ગામે શાળાના નવા ઓરડાનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ

વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્ય : ધારાસભ્ય નિમિષાબેન સુથાર

(પ્રતિનિધિ) 145 તા.5

પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકામાં વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે અને શાળા સંચાલનમાં પૂરતી સુવિધાઓ ઉપલબ્ધ થાય તે હેતુથી, મોરવા હડફના ધારાસભ્ય નિમિષાબેન સુથારે સુલીયાત ગામની ડાંગી ફળિયા વર્ગ પ્રાથમિક શાળામાં નવીન ત્રણ ઓરડાના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ સાથે જ, શાળાના નવા બિલ્ડિંગનું લોકાર્પણ પણ તેમના હસ્તે સંપન્ન થયું હતું. આ પ્રસંગે ધારાસભ્ય નિમિષાબેન સુથારે જણાવ્યું હતું કે, "ગુજરાત સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે રાજ્યના દરેક બાળકને શ્રેષ્ઠ શિક્ષણ મળે અને કોઈ પણ બાળક માત્ર સુવિધાઓના અભાવે ભણવાથી વંચિત ન રહે. ભણતર સાથે ગણતર પણ મળી રહે એ અભિગમ સાથે આપણે સંકલ્પબદ્ધ બનીએ."આ કાર્યક્રમમાં ગ્રામજનો, શાળાના શિક્ષકગણ, તંત્રના અધિકારીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, જે શિક્ષણ પ્રત્યેની સામૂહિક પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ પહેલથી સુલીયાત ગામના વિદ્યાર્થીઓને વધુ સારા શૈક્ષણિક વાતાવરણનો લાભ મળશે.

### પીપલોદ થી સિંગવડ આવતા - જતા વાહનચાલકોને હાલાકીનો સમાનો કરવો પડે છે

# મછેલાઈના પાટીયા રસ્તાની વચ્ચે મસમોટો ભુવો પડતા અકસ્માતનો ભય

**સ્ટેટ** હાઇવે ઓથોરિટી દ્વારા રોડ પર પડેલા આ જીવલેણ ખાડાઓ પુરવાર સ્થાનિકોની માંગ



(પ્રતિનિધિ) સિંગવડ તા.5

પીપલોદ થી સિંગવડ આવતા મછેલાઈના ગામના પાટીયા પાસે સ્ટેટ હાઈવે ના ડામર રસ્તાની વચ્ચે ભુવો પડી જતા આ રસ્તા પરથી નીકળતા વાહનચાલકોને એક્સિડન્ટ થવાનો ભય રહે છે જ્યારે આ સ્ટેટ હાઈવે ના ડામર રસ્તા પરનો ભુવો ત્રણ દિવસથી પડી ગયા છતાં સરકારી તંત્રના અધિકારીઓને પુરવા માટે ટાઈમ નથી તેમ લાગી રહ્યું છે જ્યારે આ ભુવો પડ્યો છે તેના પર સ્થાનિક લોકો દ્વારા લાકડી મૂકીને તેના પર કપડું નાખી દેવામાં આવ્યું છે જેના લીધે દૂરથી આવતા જતા વાહનચાલકોને ખબર પડે કે આ જગ્યાએ ખાડો પડેલો છેજો આ સ્ટેટ હાઈવે ના ડામર રસ્તા પર આ ખાડાનું ધ્યાન વાહનચાલકોને કે પછી મોટરસાયકલ ચાલકોને નહીં રહે તો મોટો એકસીડન્ટ થવાનો ભય રહે છે જ્યારે સ્ટેટ હાઈવે ના ડામર રસ્તા પરના નાના-મોટા ખાડા ઘણી જગ્યાએ પડ્યા છે તેનું પણ પૂરવામાં આવ્યા નથી જ્યારે આ જગ્યા પર ખાડો પડ્યા પછી પણ આજ દિન સુધી આ ખાડા ને પૂરી ને રીપેરીંગ કરવામાં નથી આવ્યું જ્યારે આ સ્ટેટ હાઈવે ના પીપલોદ થી સિંગવડ સુધીનો રસ્તો 24 કલાક ચાલુ રહેતો હોય તો આ રસ્તા પર મોટરસાયકલ સવાર ની અવર-જવર પણ વધારે હોવાથી અકસ્માત થઈ શકે તેમ છે જ્યારે આ સ્ટેટ હાઈવેના અધિકારીઓ દ્વારા આવા નાના-મોટા ખાડાઓ પૂરી દેવામાં આવે તેવી લોકોમાં ચર્ચાઓ ચાલી રહી છે.

# પેરોલ-ફર્લો સ્કવોર્ડે રેલવે ચોરીના ગુનામાં ભાગતા ફરતા આરોપી ઝડપ્યો

(પ્રતિનિધિ) ગોધરા, તા.5

પંચમહાલ પેરોલ-ફર્લો સ્કવોર્ડએ ગોધરાના પશ્ચિમ પોલીસ સ્ટેશનના રેલવે ચોરીના ગુનામાં નાસતો ફરતો આરોપીને ઝડપી પાડ્યો હતો. પંચમહાલ-ગોધરા રેન્જની પેરોલ-ફર્લો સ્કવોર્ડ દ્વારા રેલવે ચોરીના ચાર ગુનાઓમાં વોન્ટેડ અને કુલ ૧૫ જેટલા વોરંટના કામે નાસતા ફરતા આરોપી હસન ઉર્ફ ટક્કન સલીમ ઉર્ફ ટુટીયા શેખ ઉ.વ. ૨૨, રહેવાસી - સિગ્નલ ફળીયા, તલાવડી, ગોધરાને ઝડપી પાડવામાં આવ્યો છે. આરોપી હસન સામે પશ્ચિમ રેલ્વે પોલીસ સ્ટેશન, ગોધરા ખાતે રેલવે ચોરીના ગુનાઓ આર.પી. એક્ટ કલમ ૩ હેઠળ નોંધાયેલા હતા.

# તાજપુરામાં એક રાષ્ટ, એક ચૂંટણી સંદર્ભે પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયું



(પ્રતિનિધિ) હાલોલ, તા.5

નારાયણ ધામ તાજપુરા ખાતે આંબાવાડીમાં હાલોલ તાલુકામાંથી ખૂબ જ મોટી સંખ્યામાં કાર્યકરો આવ્યા હતા એક રાષ્ટ્ર, એક ચૂંટણી અંતર્ગત યોજાયેલ સંમેલન માં મુખ્ય વક્તા તરીકે વડોદરા મહાનગરના મહામંત્રી સત્યનભાઈ કુલાબકર, હાલોલ તાલુકાના ધારાસભ્ય જયદ્રસિંહજી પરમાર નગરપાલિકા હાલોલ ના પ્રમુખ, પંચમહાલ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ મયંકભાઈ,હાલોલ તાલુકા પંચાયતના પ્રમુખ, મયુર ધ્વજ સિંહ પરમાર, હાલોલ શહેર બીજેપી પ્રમુખ અને આગેવાન કાર્ય કરો આ સંમેલનમાં પ્રબુદ્ધ નાગરિકોએ પણ મોટી સંખ્યામાં, હાજરી આપી હતી

સૌપ્રથમ હાલોલ ધારાસભ્ય તથા અતિથિ વિશેષ પ્રવક્તા સત્યનભાઈ, અને સર્વે આગેવાનોએ પ્રથમ દીપ પ્રાગટ્ય કરી બાપુની જય બોલાવી કાર્યક્રમની શરૂઆત કરી. કાર્યક્રમમાં પધારેલ સર્વ અતિથિઓનું સાલ અને પુષ્પકુંજ સ્વાગત કરવામાં આવ્યું. સંમેલનમાં હાજર રહેલ તમામનું આભાર વ્યક્ત કરી "એક ચૂંટણી,એક રાષ્ટ્ર" ઉપર ભાર મૂક્યો હતો.